# નારાયણ પેંડસે કૃત ગ્રામસમાજ કેન્દ્રી નવલકથા : ગારંબીચા બાપુ



**ડૉ. વિદ્યાબેન માનસિંગભાઈ ચૌધરી**
**અધ્યાપક સહાયક**
**ગુજરાતી વિભાગ**
**સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ,**
**નડીઆદ**
chaudharividya10@gmail.com

**પ્રસ્તાવના**

ભારત ભૌગોલિક વૈવિધ્યતા ધરાવતો અનેકવિધ પ્રાંતોમાં વહેંચાયેલો દેશ છે. ભારત દેશની આગવી ઓળખ ગ્રામ અને કૃષિસંસ્કૃતિ છે. ભારતીય સંસ્કૃતિની ધારાઓ જનપદોમાંથી વહે છે, ત્યારે ભારતીય સાહિત્ય સર્જકો ગ્રામસંસ્કૃતિ, ગ્રામસમાજની સંવેદના, સમસ્યાથી કઈ રીતે બાકાત થઈ શકે? ભારતીય સાહિત્યકારો ગ્રામજીવન સાથે જોડાયેલાં હોય છે. તેઓ ગ્રામ સંસ્કૃતિ સાથે જીવ્યાં છે, ગ્રામજીવનને જાણ્યું-માણ્યું છે એટલે તેમનાં સર્જનમાં ભારતીય ગામડું અનોખી રીતે આલેખન પામ્યું છે.

***નારાયણ પેંડસે કૃત ગ્રામસમાજ કેન્દ્રી નવલકથા : 'ગારંબીચા બાપુ'***

મરાઠી ભાષાની નારાયણ પેંડસે કૃત 'ગારંબીચા બાપુ' ગ્રામસમાજને પસ્તુત કરતી પ્રસિદ્ધ અને લોકપ્રિય બનેલી ભારતીય નવલકથા છે. આ નવલકથામાં કોંકણ પ્રદેશની હરિત ધરા સાથે જોડાયેલાં ગ્રામજનોની કથા સુંદર અભિવ્યક્તિ પામી છે. પ્રકૃતિનો સમૃદ્ધ વારસો આ ધરતીને મળ્યો છે. ગારંબીમાં મખમલના અઢળક બગીચાઓ હતા. આ ગામને સ્વયંભૂ નદી વણદે નદીનો મોટો લાભ મળ્યો હતો. ખેતીમાં પાણી પીવડાવવા માટે વણદે નદીનું પાણી ઘણું ઉપયોગી થતું. પરંતુ જ્યારે નહેર વાટે પાણી પીવડાવવાનું હોય ત્યારે વારા પાડેલા હોય એ પ્રમાણે પાણી પીવડાવવું પડતું. આ બાબતે ઘણાં લોકોનો ઝગડો થઈ જતો. આ ગામના લોકો ખૂબ પરિશ્રમી તરીકે ઓળખાતા. વળી, ગામમાં વ્યાઘેશ્વર મહાદેવનું સ્થાનક આવેલું છે. ગ્રામજનોની માન્યતા છે કે; ગામજનોની સઘળી સારી-નરસી સ્થિતિ વ્યાઘેશ્વર મહાદેવને આધીન છે. લોકો ખૂબ મહેનતુ પરતું દ્રવ્યનો ઉપયોગ કઈ રીતે કરવો એ અંગે વ્યાઘેશ્વર મહાદેવે સમજ આપી ન હતી. આ ગારંબી ગામના લોકો પાસે સોનાના પટોરાં

ભર્યા હોય છે. પરંતુ સોનું પટારાંમાં પડ્યું રહે એના કરતાં આભૂષણ તરીકે શોભે તો કોઈ હેતુ સરે. ગારંબી ગામની ધરતી જેટલી રળિયાત એટલા જ ગ્રામજનોના દેહ પણ ઘાટીલા અને માંસલ, દેખાવે લાલ ચણોઠી જેવાં. સર્જક કહે છે તેમ આવાં દેહવાળા લોકો આખા કોંકણમાં જોવાં ન મળે. ફક્ત ગારંબીઓ પર જ કુદરતે કૃપા વરસાવી હતી. આ ગામમાં બે જાતિના લોકો વસવાટ કરતાં હતા: ગુરવ અને બ્રાહ્મણ. આ બંને જાતિ પાસે પુષ્કળ પૈસા હતા. પરંતુ લક્ષ્મીના ઉપયોગની સમજ કેળવાઈ ન હતી. લોકો ખોરાક માટે કે પહેરવા–ઓઢવા માટે પણ પૈસા વાપરતાં નહીં. નવી ફેશન આવે તેની પણ કોઈને પરવાહ ન હોય. આમ, ગારંબી સમૃદ્ધ છતાં કંગાલિયત દશામાં જીવતું હતું.

ગારંબી ગામમાં અણણાં ખોત નામનો સંપત્તિવાન વ્યક્તિ પણ જયારે દાપોલી કે સાખરપેંડી તરફ જવાનું હોય ત્યારે પણ બળદગાડું લઈ જવા ઈચ્છતો નહીં. તે હમેશાં પગપાળા જવાનો આગ્રહ રાખતો. લોકો બળદગાડું જોતરવાની વાત કરતાં ત્યારે સામો ઉત્તર એવો હોય કે: "ભલા માણસ! બળદ મૂંગા જનાવર રહ્યાં, એટલે શું તેમને તગેડયા કરવા? સાદ પાડીએ તો સંભળાય એટલે દૂર દાપોલી હોય, ત્યાં વળી ગાડી શી જોડવી? એવી ગાંડી વાત જ ન કરશો. જતી વખતે પગે જાશું અને પાછા ફરતી વખતે ચાલતા આવશું!"[1] આ વાત એકમાત્ર અણણાં ખોતની ન હતી. ગારંબીના બધાં જ લોકો આવાં જ હતાં. બહારગામથી કન્યા પરણીને લાવવી આ ગ્રામજનો માટે મોટી વાત હતી. કારણ કે, બહારગામના લોકો આ ગામને કન્યા આપવા તૈયાર થતાં નહિ. કન્યા જોવા જાય ત્યાં પણ કન્યાના હાથે કામ કર્યાના નિશાન છે કે નહીં એની ચકાસણી કરતાં. કન્યા કેટલું કામ કરવાને સક્ષમ છે તે જોઈને જ કન્યા સાથેનો વિવાહ નક્કી કરતાં. ગામમાં કોઈ નાટક–કંપની આવે, સરકસ આવે છતાં ગારંબી ગામના લોકો તેનાથી વિશેષ મુગ્ધ થતાં નહીં. અગર કોઈ જાય તે પણ ખુરશી કે ટિકિટના પૈસા બગાડતાં નહીં. અગર કોઈએ ખરીદી હોય તો કહેતાં કે: "કેવો મૂરખો છે! જો ને ખુરશીમાં બેસવાનો મિજાજ કરે છે! પણ ખુરશી પર બેસવાથી ઘોડાને બદલે કંઈ ગધેડો થોડો જ દેખાવાનો છે?"[2] આ કારણે લોકો

---

[1] 'ગારંબીચા બાપુ', લે–નારાયણ પેંડસે, અનુ. વિદ્વાંસ શ્રી ગોપાળરાવ, પ્ર–આર. આર. શેઠની કંપની, મુંબઈ, પ્રથમ આવૃત્તિ–૧૯૫૪, પૃ.૩

[2] એજન પૃ.૫

ગામની કોઈ કન્યા શોધી લગ્ન કરી લેતા. આખા મલકમાં આ ગામ તેની આ ખાસિયતના કારણે પ્રસિદ્ધ હતું.

ગારંબી ગામમાં લોકો લડાઈ–ઝગડા કરતાં જાણે અજાણે પાપ થઈ જતો હોય ત્યારે ગામના દિનકર ભટ્ટ પાસે એકાદ રુદ્રી કરાવો એટલે પાપોનો નાશ થઈ જતો. અહીં લોકમાનસમાં આવી લોક માન્યતા પ્રચલિત છે. અન્ય પ્રદેશો કરતાં ગારંબીની ખેતી ઘણી ઊપજ આપતી. લોકો એવી પણ માન્યતા ધરાવતા કે: ‘જમીન, નહેર અને વ્યાઘેશ્વર: આ ત્રણેનું સદાય પૂજન કર્યા કરવું જોઈએ.’ વ્યાઘેશ્વર અને જમીન જ ગ્રામજનોની કર્તા–હર્તા છે. વળી આખું જીવન એમના આધારે જ ટકેલું છે એવું આ ગ્રામજનોનું માનવું છે. ગારંબીથી દાપોલી કે અન્ય ગામે જવા માટે વણદે નદીનો પુલ પાર કરવાનો હોય છે. પરંતુ પુલ ઉતરતાં લોકો ડરતા. અહીંની વનરાજી પણ ઘણી ફાલી–ફૂલી હતી. ઘટાદાર વૃક્ષોના કારણે અહીં વાઘ–વરુનો પણ ભારે ખોફ રહેતો હતો. પુલથી સામેની તરફ ગારંબીમાં અફાટ બાપુનો બંગલો એટલે પુલ ઉતરતાં અફાટ બાપુને સાદ પાડતાં જ અફાટ બાપુના ચાકર હાજર થઈ જતાં. આવી રીતે ગ્રામજનો પુલથી પસાર થઈ જતાં. ગારંબીના લોકોને સરપંચ બનવાનું પણ ઘેલું લાગ્યું હતું. આ કારણે પણ ગ્રામજનો વચ્ચે ઝગડાઓ ચાલ્યાં કરતાં. જો કે સરપંચનું કામ વરસ દહાડે એક જ વાર હોય. સરપંચ વ્યાઘેશ્વર મહાદેવના શિવલિંગ પર મહાભિષેક કરતો. આમ તો વ્યાઘેશ્વર મહાદેવના મંદિરે ગુરવ લોકોનો જ હક હોય પરંતુ મહાશિવરાત્રીના દિવસે સરપંચ વિના કોઈ કામ થતું ન હતું. મહાશિવરાત્રિના દિવસે ગામનો સરપંચ આખા વિભાગનો યજમાન પદ સંભાળતો હોય છે.

ગારંબી ગામની સરહદે બોંડલી વાવ હતી. આ વાવનું પાણી ઘણું ગુણકારી ગણાતું. ગ્રામજનોનું કહેવું હતું કે; આ વાવનાં પાણીનો પ્રભાવ એવો હતો કે પથ્થર જેવો પથ્થર પણ હજમ થઈ જાય. પરંતુ ગામના અણણાં ખોત સિવાય અન્યને બોંડલી વાવનું પાણી પીવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું ન હતું. પરંતુ ગારંબીનાં પાડોશી ગામ ભૂતવાડીના લોકો બોંડલીનું પાણી પીતાં. વણદે નદી ઉપર ‘સાકવ’ હતો. આ સાકવ વાટે સામે પાર જઈ શકાતું. આ સાકવ પાર કરતાં પણ લોકોને ભારે ભય રહેતો હતો. પરંતુ સપાટ બાપુના પિતા વિઠોબા હંમેશા અણણાં ખોતના ઘરે પાણી ભરવાનું કામ કરતાં હતાં એટલે તેઓ માથે પાણી ભરેલો મોટો હાંડો અને બીજો હાંડો કાંખમાં લઈ સહેલાયથી સાકવ પાર કરી શકતો હતો. વિઠોબાની પત્ની એશી(યશોદા) વિઠોબા સાથે નામપૂરતાં

લગ્ન કર્યા હતાં પરંતુ અણણાં ખોત સાથે ભોગ–વિલાસમાં ડૂબી રહેતી. નવલકથાનો નાયક અફાટ બાપુ એ આ સ્ખલનનું પરિણામ હતો. અફાટ બાપુ પ્રત્યે સ્નેહ દાખવનાર ત્રણ જ વ્યક્તિ હતાં. એક હતાં વિઠોબા, બીજા ભૂતવાડીની માશી અને ત્રીજી હતી મુર્ડીની આક્કા માશી. આ ઉપરાંત અફાટ બાપુ પર દિનકર ભટ્ટ નામનો બાળપણનો મિત્ર પણ વિશેષ સદ્ભાવ રાખે છે. અફાટ બાપુ રાવજીની હોટલ પર બેસતો હતો. અફાટ બાપુના મિલનસાર સ્વભાવના કારણે રાવજીના હોટલમાં માણસોની સંખ્યા દિનપ્રતિદિન વધતી જાય છે. રાવજી ક્યાંક ગયો હોય તો રાવજીના હોટલનો કાર્યભાર અફાટ બાપુને સોંપવામાં આવતો હતો. આ રીતે અફાટ બાપુ રાવજીના ધંધામાં ફાયદો કરાવી આપતો. તેના કારણે રાવજી અને અફાટ બાપુ વચ્ચે ઘનિષ્ઠ સંબંધ રચાઈ છે. રાવજીની પત્ની રાધા ઘણી રૂપાળી હોવાથી અફાટ બાપુને રાધા પ્રત્યે પ્રણય ભાવ જાગે છે. રાધા પણ અફાટ બાપુ પ્રત્યે મોહી પડે છે. આમ, આટલી વ્યક્તિ અફાટ બાપુ પ્રત્યે વિશેષ સ્નેહ દાખવનારી વ્યક્તિઓ છે.

બાપુ ઉંમરમાં મોટો ન હતો. હજુ તો યુવાનીના ઉંબરે ઉભેલો હતો ત્યાં જાત અનુભવે, જિંદગીએ ઘણું શીખવાડી દીધું હતું. વણદેના પુલ પરથી આસપાસના અનેક લોકોની અવરજવર ત્યાં રહેતી એટલે ગ્રામજનો આ પુલ પર અનેક ધંધા ખોલીને બેઠાં હતાં. કોઈની હોટલ તો કોઈની જીવન–જરૂરિયાતની વસ્તુ મળી રહે એવી ઘણી દુકાનો હતી. આ પુલ ગ્રામજનોનું આશ્રય સ્થાન ગણાતું. ત્યાં બાપુનું જવું એ પણ જીવનનો નવો વળાંક હતો. બાપુ રાવજીની હોટલમાં બેસતો ત્યાં દાપોલી કે સાખરપેંડી જેવાં ગામોના અનેક મુસાફરો–વટેમાર્ગુ સાથે બાપુની દોસ્તી થઈ ગયેલી. કેટલાંક ગાડીવાળા સાથે બાપુ જિગરજાન થઈ ગયેલા. બાપુને ચોક્કસાઈ ઘણી પ્રિય હતી એટલે રાવજીના હોટલમાં પણ બાપુ ચોક્કસઈનો ઘણો આગ્રહ રાખતા. બાપુના ગયા પછી રાવજીના હોટલની દશા–દિશા ઘણી બદલાઈ ગઈ. બાપુના આધારે રાવજીના ધંધાએ વેગ પકડ્યો હતો. રાવજીની પત્ની રાધા સાથે બાપુએ મિત્રતાના સંબંધો કેળવ્યા હતાં. રાધા ગુરવ જ્ઞાતિની હતી. તે અંગ્રેજી ભણેલી હતી. ને કડકડાટ અંગ્રેજી વાંચી શકતી. રાધા જ્યારે ભણતી ત્યારે તેના સહધ્યાયીએ પ્રેમપત્રો લખેલાં. આ પત્રો શાળાના શિક્ષકના હાથમાં આવતા તેણે રાધાના પિતાને જાણ કરી. રાધાના પિતાએ દીકરી રાધાના લગ્ન રાવજી સાથે કરાવી દીધાં. રાવજી દેખાવે સારો ન હતો. કદાવદાર દેહ, જોતાં અરુચિકર લાગે એવો. છતાં એક ભારતીય નારીના સંસ્કાર બળે રાધાએ પડ્યું

પાનું સુધારી લેવાનાં ગુણના કારણે રાવજી સાથે સંતોષી જીવન જીવતી. બાપુ રાવજીની હોટલમાં બેસતો એના કારણે રાધા સાથે મૈત્રીના સંબંધો કેળવાયા હતાં. બંને એકબીજા સાથે ખૂબ હળીમળી ગયા હતાં. રાધા બાપુ માટે જમવાનું બનાવતી તેમજ ક્યારેક બાપુના પિતા વિઠોબા માટે પણ રોટલાં ઘડતી. તેઓ એકબીજાના ઈતિહાસથી સારી રીતે અવગત થઈ ચૂક્યાં હતાં. આ બંને વચ્ચે આત્મીયતા બંધાઈ છે. રાધા અને બાપુના સંબંધની લોકચર્ચા પણ થાય છે. ભૂતવાડી માશીના કાને બાપુના રાધા સાથેના સંબંધની ખબર પડતાં ઘણી સલાહ આપે છે. ભૂતવાડી માશીની સમક્ષ બાપુ લાચાર થઈને ગારંબીમાં પોતાનું કહી શકાય એવું કોઈ છે જ નહીં એવા વેણ ઉચ્ચારે છે ત્યારે માશી કહે છે: “જે પુણ્યશાળી હોય એનો જ ગારંબીમાં જન્મ થાય!”[3] આ રીતે બંને વાતો કરે છે. બાપુ તે રાતે માશીને ત્યાં જ સૂઈ રહે છે. બાપુ સવારે ઉઠીને વિઠોબાને મળવાના આશયે ગારંબી તરફ જાય છે. ગારંબી પહોંચતા જ સાકવ ઊતરતાં વિઠોબા દેખાઈ છે. સાકવ અત્યારે તુંટવાની અણી પર છે એ જોતાં બાપુના મનમાં ધ્રાસ્કો પડે છે. ઝડપભેર વિઠોબાને મળે છે ત્યારે વિઠોબા ગભરાઈ ગયો હોય છે. બાપુ આ રીતે સાકવ ન આવવાની સૂચના આપે છે. વળી અણણાં ખોતની મજૂરી બંધ કરવાનું જણાવે છે. બાપ–દીકરો બંને ઘરે બેસીને ચા પીવે છે. વિઠોબાએ ખૂબ મહેનત કરી બાપુ માટે વીંટી ઘડાવી હતી. આ વીંટી બાપુને આપતાં જ બાપુ વિઠોબાને જ પહેરવા આગ્રહ કરે છે. પછી બાપ–દીકરો વ્યાઘેશ્વર મહાદેવે જાય છે.

ચોમાસું બેસતા એકદિવસ મુશળધાર વરસાદ વરસે છે. વણદે નદીમાં પૂર આવે છે. એવે વખતે રાવજી દાપોલી ગયેલો ત્યાંથી વરસાદના કારણે પરત આવી શક્યો નહીં. બાપુ તે દિવસે હોટલમાં બેઠાં બેઠાં વિઠોબાની તેમજ ઘરની ચિંતા કર્યા કરતો. થોડી વારમાં બાપુને ઊંઘ આવી ગઈ. આ સમયે બાપુને એક વિહામણું સ્વપ્ન આવ્યું. વરસાદ બંધ થતાં જેવો ઉઘાડ નીકળ્યો તેવો બાપુ રાવજીના ઘર તરફ ગયો. રાધાએ બાપુને જમાડ્યો અને બંને જણ પુલ પર પાણી જોવાં નીકળ્યા. આ સમયે બાપુ રાધાને સ્વપ્ન અંગે વાત કરે છે

---

[3] ‘ગારંબીચા બાપુ’, લે–નારાયણ પેંડસે, અનુ. વિદ્ધાંસ શ્રી ગોપાળરાવ, પ્ર–આર. આર. શેઠની કંપની, મુંબઈ, પ્રથમ આવૃત્તિ–૧૯૫૪, પૃ.૧૩૬

ત્યાં જ સ્વપ્નમાં આવેલું સાકવ ભાંગેલી હાલતમાં જોયું. ત્યાં બાપુ મોટી ચીસ પાડી ઊઠે છે. પિતા વિઠોબા પાણી ભરવા આવ્યાં હતાં. એ સાકવ તુંટવાથી વિઠોબા મોતને ભેટે છે. વિઠોબા તાડના દાંડા ઉપર પડ્યો હતો. આ સમયે બાપુની અનિચ્છા હોવા છતાં એશીએ વિઠોબાને સાકવ પાસે પાણી ભરવાં મોકલ્યો હતો. વિઠોબાના મૃત્યુનું રહસ્ય બાપુને દિનકર પાસેથી જાણવા મળે છે. વિઠોબાએ પકડી રાખેલો ઘડો લઈને બાપુ ગારંબી જાયને કરૂણ આક્રંદ કરે છે. બાપુને વિઠોબાએ આપેલી વીંટી યાદ આવતાં શોધખોળ કરે છે પરંતુ વીંટી મળતી નથી. ત્યારે એશીને પૂછતાં એશીએ વીંટી લીધી છે એવું જાણવા મળે છે. બાપુને વિઠોબાએ ઘડાવી આપેલી સ્મરણ ચિહ્નરૂપ વીંટી બા પાસે માંગે છે. પણ એશી વીંટી આપતી નથી. આ વીંટી કરતાં પણ મોંઘી વીંટી લાવી આપવાની વાત કરવા છતાં એશી વીંટી આપતી નથી. છેવટે એકલો પડેલો બાપુ પિતાનું ક્રિયાકરમ કર્યા પછી પુલ તરફ જતો રહે છે. ત્યાં રાવજી દ્વારા રાધાના ઘરે જવાં અંગેનો સંદેશો મળતાં તે રાવજીના ઘરે જાય છે. ત્યાં રાધાની સમક્ષ  બાપુએ પોતાના માટે સાચવી રાખેલો લાડવો બતાવી હૈયાફાટ રુદન કરે છે. અત્યાર સુધી સંઘરી રાખેલી લાગણી રાધા સમક્ષ ઊભરી આવે છે. રાધા વિઠોબાના મૃત્યુ પછી ‘કાકસ્પર્શ’ થયો કે નહીં એ અંગે પૂછે છે ત્યારે બાપુ જણાવે છે કે; ઘણું કર્યું પણ કાકસ્પર્શ થયો નહીં. એવી વાત કરે છે. ભારતીય સંસ્કૃતિ અનુસાર બ્રાહ્મણ સમાજનું માનવું છે કે; મૃત્યુ પછી ‘કાકસ્પર્શ’ થવો જોઈએ. જો આ કાકસ્પર્શ ન થાય તો મારનારની ઈચ્છા અધૂરી રહી હોય એવું માનવમાં આવે છે. મૃત વ્યક્તિનો આત્મા આસપાસના વિસ્તારમાં ભૂત બની ભટક્યાં કરતો હોય એવી માન્યતા છે.

વિઠોબાના મરણ બાદ મહાશિવરાત્રીના દિવસે રાધા અને બાપુ વ્યાઘેશ્વરના દર્શનેથી પરત ફરતા બંને બોંડલી વાવ પાસે બેઠાં હતાં. ત્યાં કોઈના પાણી ભરવાનો અવાજ આવે છે. બાપુએ એ તરફ દૃષ્ટિ કરી ત્યાં તો બાપુને ચક્કર આવી ગયા. બાપુને વિઠોબા આવ્યાનો ભાસ થયો હતો. બીજા દિવસે ફરી વ્યાઘેશ્વરથી વળતાં બાપુને વિઠોબા જ્યાં દેખાયાં હતાં ત્યાં પહોંચ્યો. ત્યાં બાપુએ વિઠોબાને સાદ દીધો તો ‘બાપુ’ કહેવાનો પ્રતિસાદ મળ્યો. વિઠોબાએ બાપુ સાથે વાત કરી. બાપુએ બા એશી અંગેની પણ ફરિયાદ કરી ત્યારે વિઠોબા કહે છે; બાએ જેમ વર્તવું હોય એમ વર્તે. પરંતુ તું પુત્ર તરીકેની ફરજ નિભાવી રાખજે. બાપુ મરતી વખતે પુત્ર સાથે વાત કરવાનું ચૂકી ગયા હતાં એટલાં માટે વિઠોબાનો આત્મા વાત કરવા અહીં આવ્યો હોય છે.

બાપુ કહે છે: "તું મહાન બનજે. જે લોકો તને ધિક્કારે છે તે તારી આગળ બચ્ચાં જેવા દેખાય એવો મહાન બનજે પણ કોઈની સાથે વેર રાખીશ નહીં. તું મહાન બનશે તો મારા જીવને શાંતિ વળશે"[4] આટલું કહી વિઠોબા અંતર્ધાન થઈ જાય છે. બીજા દિવસે જ વિઠોબાના અરમાનો પૂરા કરવાના ઉદ્ધેશ સાથે બાપુ હોટલ છોડી સાખરપેંડી જવાનો હોય છે ત્યાં રાધાને મળે છે. રાધા અને બાપુ વચ્ચે વાત થાય છે ત્યારે બાપુ જણાવે છે કે; વિઠોબા, માશી, દિનકર અને રાધા–રાવજી બધાં બાપુને ઘણો પ્રેમ કરતાં હોય છે. એ બાબત અંગે વિચારે છે ત્યારે જ જીવન સાર્થક છે એવો ખ્યાલ આવે છે. બાપુ ભાવવિવશ થઈ આટલો બધો પ્રેમ ન વરસાવવાનું કહે છે. ત્યારે રાધા કહે છે: "પ્રેમ કરવો એ માણસનો સ્વભાવ છે. જો એને પ્રેમ એ કરવાનું પાત્ર મળે નહિ, તો વસવસો, એની ભૂખ રહી જાય છે અને એ ભૂખ પેટની ભૂખ કરતાં પણ વધુ ખરાબ હોય છે. જીવવું નિરર્થક લાગે છે, તેની પાછળ પણ આવી ભૂખ રહેલી હોય છે. મેં અગર વિઠોબાએ એવો જ સ્વાર્થ જોયો હતો"[5] હવે બાપુને અણણાં ખોત પણ પોતાની આગળ મામૂલી લાગે એટલા ધનવાન થવું છે. વળી વ્યાઘેશ્વરના સરપંચ બનવું છે. બાપુ હવે જિંદગીની નવી દિશા માંડવા જઈ રહ્યો છે. રાધા શુકન કરવા દહીંનો વાડકો લઈને બાપુને દહીં ખવડાવે છે. બાપુ બહાર નીકળતા તેની લાગણીને રોકી શકતો નથી અને આંખે અશ્રુધારા સરી પડે છે. ભારતીય જનમાનસમાં શુકન–અપશુકનના ઘણાં ખ્યાલો પ્રવર્તે છે. તે બાબત અહીં રાધા અને બાપુના પાત્ર દ્વારા દૃષ્ટિગોચર થાય છે. ભારતીય જનજીવનમાં દહીં એ શુકન માટેનું અગત્યનું દ્રાવણ ગણાય છે.

બાપુ સાખરપેંડી મુસાશેઠને ત્યાં નોકરીએ રહ્યો હતો. ત્યાં જાતિવાદના સીમાડા ઓળંગીને મુસાશેઠ સાથે જમવા બેસે છે. ત્યારે મુસાશેઠ કહે છે: "ક્યોં બાપુજી! આપ બામન હૈ યા હૈવાન હૈ?" ત્યારે બાપુ પ્રત્યુત્તર આપતાં: "બામન ગયા જહાન મેં! મેં તો બાજીરાવ કી ઔલાદ હું ફિર ક્યા હૈ? મસ્તાની પચા દેગા"[6] અહીં બાપુ માંસાહાર કરતો પરંતુ સપ્તાહમાં એકવાર

---

[4] 'ગારંબીચા બાપુ', લે–નારાયણ પેંડસે, અનુ. વિદ્વાંસ શ્રી ગોપાળરાવ, પ્ર–આર. આર. શેઠની કંપની, મુંબઈ, પ્રથમ આવૃત્તિ–૧૯૫૪, પૃ.૧૬૭

[5] એજન પૃ.૧૭૨

[6] 'ગારંબીચા બાપુ', લે–નારાયણ પેંડસે, અનુ. વિદ્વાંસ શ્રી ગોપાળરાવ, પ્ર–આર. આર. શેઠની કંપની, મુંબઈ, પ્રથમ આવૃત્તિ–૧૯૫૪, પૃ.૧૭૯

વ્યાઘેશ્વર જવાનું ચૂકતો નહીં. વળી દિનકર ભટ્ટ પાસે દર અગિયારસે રુદ્રી કરાવતો. બાપુ સાખરપેંડી વધુ ને વધુ રૂપિયા કમાવવા લાગ્યો હતો ત્યાં એક દિવસ રાવજી બીમાર પડતાં રાધાનો સંદેશો આવે છે અને બાપુને પરત ફરવું પડે છે. રાવજીના મૃત્યુ પછી બાપુ રાધા સાથે રહેવાનો નિર્ણય કરે છે. ત્યારે રાધા પોતાનું અમૂલ્ય જીવન પોતાની પાસે વેડફી ન નાંખવાની, ક્ષણિક મોહમાં ન ફસાવવાની અને કર્તૃત્વશક્તિ વેડફી ન નાંખવાની શિખામણ આપે છે. રાધા ગુરવ જાતિની હોવાથી તે રાધા સાથે રહેશે તો સમાજ બાપુનો તિરસ્કાર કરશે એવી સમજ રાધા આપે છે. વળી પોતાની સરપંચ થવાની ઘેલછા પણ પુરી નહીં થાય. છતાં બાપુ બધુ છોડવા તૈયાર હતો. બાપુ ભૂતવાડી માશીને મળવા જાય છે. પરંતુ માશી ગારંબી આવી હોવાથી પરત ફરે છે. બાપુનું મનમાં અનેક પ્રશ્નો હતાં. બાપુ ગુરવ સ્ત્રીના હાથનું જમતો એટલે માશી બાપુને જુદી પંગતમાં બેસાડતી. અત્યારે તો બાપુ રાધા સાથે રહેવાનાં નિર્ણય પર હતો એટલે માશી તરફથી કેવાં કેવાં પ્રત્યાઘાત સહેવા પડશે એ અંગે બાપુને ઘણી દ્વિધા હતી. ઘરે પહોંચે છે ત્યાં માશી અને એશી ચોખા વિણતી હતી. બાપુની વાત સાંભળી બંને બહેનો બાપુને ઠપકો આપે છે. ત્રણે જણ વચ્ચે ઝગડો થાય છે. એશી માશીને ત્યાં રહેવા જતી રહે છે. બાપુ પુલ પર આવી પોતાનો ધંધો સંભાળી લે છે.

બાપુ ઘણો સાહસી હતો એટલે જોતજોતાંમાં તે મુસાશેઠની સમકક્ષ બની ગયો. રાધા અને બાપુ લગ્ન કર્યા વિના સાથે રહેવા લાગ્યાં. જે ગ્રામજનોને અસ્વીકાર્ય છે. બાપુ ઉત્તરોત્તર ઘણી પ્રગતિ કરી રહ્યો હતો. બાપુના વૈભવની ચર્ચા થવા લાગી. બાપુએ બંગલો પણ બનાવી લીધો. બાપુએ ભેંસો, ગાયો અને બળદો વગેરે પશુઓ પાળવાનું શરૂ કર્યું હતું. બાપુ વધુને વધુ સમૃદ્ધ થતો જતો હતો. વિઠોબાના નિધન પછી વણદેના પુલ પર વિઠોબા આવતો હતો. પરંતુ ઘણાં સમયથી વિઠોબાના કોઈ અણસાર આવતાં નથી ત્યારે એક દિવસ વિઠોબાને આવવા માટે આહ્વાન કરે છે: "વિઠોબા! હવે ફક્ત એક વાર આવ અત્યારે આવ, પછી ભલે ન આવતો. તું આવ ને મારા પરાક્રમની કદર કર. તારો બાપુ ઘણો મોટો થવાનો છે જે ગારંબીએ તેને બિનવારસી અનાથની જેમ ગણી કાઢ્યો, તે જ ગારંબીમાં બાપુ હવે ડંકો વગાડવાનો છે. તું એ બધું જો; અને હે અસંતુષ્ટ

વાસનભાર્યા આત્મા! તું સંતોષ પામ, ને છૂટી જા!"[7] રાધા સગર્ભા બની હતી પરંતુ સમાજ તેનો સ્વીકાર નહીં કરે એ વિચારે વધુ વ્યથિત થઈ જતી. લગ્ન વિના આવી રીતે રાધા ગર્ભવતી બની હતી તે બાબત અંગે રાધા દુ:ખી થતી હતી. રાધાને ગર્ભપાત કરવાનો પણ ખ્યાલ આવતો પરંતુ બાપુએ પોતે ગાંધર્વ વિવાહ કર્યા છે. એવું સમજાવતા બંને રાજીખુશીથી રહેવા લાગે છે. બાળકના જન્મ થયા પછી બાળકની દરેક વર્ષગાંઠે બાપુ ગારંબીને કશુંક ને કશુંક ભેટ આપતો રહે છે. બાપુએ વણદે નદી પર નવો સાંકવ, મરાઠી શાળા, ગુરવાડીથી વ્યાઘેશ્વર સુધી સિમેન્ટની નહેર, પુલ ઉપર ધર્મશાળા વગેરે ગારંબીને ભેટ ધર્યું હોય છે. વળી, ગુરવ અને બ્રાહ્મણ વચ્ચે ઝગડા થતાં હતાં. બાપુને સરપંચ બનાવવા માટે. નહેરના પાણી ગુરવો રોકી રહ્યાં હતાં. જો બાપુને સરપંચ બનાવો તો જ બ્રાહ્મણોના ખેતરમાં પાણી પહોંચશે એવી જીદ લઈને બેઠાં હતાં. ગુરવ બાપુની તરફેણમાં હતાં. પરંતુ દિનકર અને રાધાને બાપુ સરપંચ બને એ સ્વીકાર્ય ન હતું.

સમય જતાં બાપુની ભૂતવાડી માશી મૃત્યુ પામે છે. એશીનો એકમાત્ર આધાર હતો તે માશીના મરણ પછી બા મુર્દીની આક્કાને ત્યાં રહેવા જાય છે પરંતુ આક્કાનાં સંતાનો તેને રાખવા માટે તૈયાર ન હતાં. બા હવે નિરાધાર બને છે. પરંતુ તેને બા જૂના જમાનાનાં સંસ્કાર વાળી હોવાથી જાતિભેદમાં વધુ માને છે. તે બાપુને ત્યાં રહેવા જવાં તૈયાર થતી નથી. બાએ બાપુને માટે માતાએ નિભાવવી પડતી તમામ ફરજો ચૂકી ગઈ હતી. વિઠોબાએ જ બાપુને માટે માતા અને પિતાની સઘળી જવાબદારી સંભાળી હતી. એશીને રાત પૂરતો આશરો આપવા કોઈ તૈયાર ન હતું. તે ગુપ્તરોગ અને સ્વાનુભવથી પીડાતી હતી. ત્યાં દિનકર એશીને મળે છે અને ઘણું સમજાવે છે. દિનકરના આગ્રહથી બા બાપુને ત્યાં રહેવા આવે છે. રાધા પણ આવતાવેંત સાસુનો સ્વીકાર કરી લે છે. એશીને માનપૂર્વક બંગલામાં લઈ આવે છે. આમ, અહીં રાધામાં ભારતીય નારીનાં દર્શન થાય છે. એશી બાપુનાં પગમાં પડી માફી માંગે છે. અહીં બાનાં અસમંજસ માનસમાં સર્જકે આવાં વિચારો મૂક્યાં છે: "ઘેર રખાત રાખ્યા છતાં એ જેટલો પવિત્ર છે, તેટલો પવિત્ર તો આ પરણેલો ને બૈરાં છોકરાંવાળો અણણાં ખોત

---

[7] 'ગારંબીચા બાપુ', લે–નારાયણ પેંડસે, અનુ. વિદ્વાંસ શ્રી ગોપાળરાવ, પ્ર–આર. આર. શેઠની કંપની, મુંબઈ, પ્રથમ આવૃત્તિ–૧૯૫૪, પૃ.૧૮૨

પણ નથી!"[8] આમ, બાપુને એશી જ સમજી શકે છે. મા–દીકરાનાં મિલનથી નવલકથાનો અંત આવે છે.

'ગારંબીચા બાપુ' નવલકથામાં નારાયણ પેંડસેએ પ્રકૃતિનાં પરિવેશનાં વર્ણનથી ગ્રામજીવનને મૂર્ત કર્યું છે. આ નવલકથાનાં કેન્દ્રમાં મૂળ ગારંબીનો ગ્રામસમાજ અને બાપુ છે. સર્જકે મહારાષ્ટ્રનાં કોંકણ પ્રદેશનાં દાપોલી, સાખરપેંડી, ભૂતવાડી વગેરે ગામનો પણ ચિતાર આપ્યો છે. સર્જકે બાપુ, વિઠોબા, મુસાશેઠ, યશોદા, અણ્ણાં ખોત, દિનકર ભટ્ટ, રાવજી, રાધા, ભૂતવાડી માશી, મુર્ડીની આક્કા, સપાટ બાપુ વગેરે પાત્રોનું જીવંત આલેખન કર્યું છે. નવલકથા વાંચતાં જ ભાવકને પણ આ પાત્રોની આસપાસ રહીને સઘળું દૃશ્ય ચાક્ષુક થતું હોય એવી પ્રતીતિ થાય છે. સર્જકે ગ્રામજીવનની સમસ્યાઓ, વેર–ઝેર, રીત–રિવાજ, માન્યતા, શ્રદ્ધા–અંધશ્રદ્ધા, ભૂત–પ્રેત અંગેનાં ખ્યાલો, તે સમાજની સંસ્કૃતિ, રહેણી–કરણી વગેરેની સુંદર જીવંત છબી આપણી સમક્ષ મૂકી આપી છે.

**સંદર્ભસૂચિ:**

1. પેંડસે નારાયણ, 'ગારંબીચા બાપુ',અનુ. વિદ્ધાંસ શ્રી ગોપાળરાવ, પ્ર–આર. આર. શેઠની કંપની, મુંબઈ, પ્રથમ આવૃત્તિ–૧૯૫૪.
2. પટેલ ભોળાભાઈ, ભારતીય નવલકથા પરંપરા અને ગ્રામકેન્દ્રી નવલકથા, સંકલન– વિરેન્દ્રનારાયણ સિંહ, પ્ર– રંગદ્વાર પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૧૫.
3. જોશી રમણલાલ, ભારતીય નવલકથા,યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ,૧૯૭૪.

[8] 'ગારંબીચા બાપુ', લે–નારાયણ પેંડસે, અનુ. વિદ્ધાંસ શ્રી ગોપાળરાવ, પ્ર–આર. આર. શેઠની કંપની, મુંબઈ, પ્રથમ આવૃત્તિ–૧૯૫૪, પૃ.૪૦૦